# બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ અંગેનો અભ્યાસ

પ્રેરક પટેલ
સતલાસણા મહેસાણા

### ૧. પ્રસ્તાવના

કોઈ પણ અભ્યાસ ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવે છે. તેમાંથી કંઈક સત્ય તારવવાના હેતુસર હાથ ધરવામાં આવે છે. સંશોધનમાંથી નીકળતો નીચોડ એ તેના તરણો છે. આજના આધુનિક યુગમાં જ્ઞાન વિસ્ફોટના કારણે વિદ્યાર્થીઓએ બદલાતા શિક્ષણના પ્રવાહ સાથે કદમ મિલાવવા સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. પ્રત્યેક અભ્યાસ ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવે છે. તેના પાયામાં અભ્યાસના હેતુઓ, માહિતીનું એકત્રીકરણ, અર્થઘટન અને અભ્યાસના તારણો સમાયેલા હોય છે. આમ, તારણોએ અભ્યાસ કાર્યની ફલશ્રુતિ છે. સમગ્ર અભ્યાસમાં મહત્ત્વનાં પાસાંઓને એવી રીતે રજૂ કરવામાં આવે છે કે તેના તારણો સ્પષ્ટપણે ઉપસી આવે અને સમગ્ર અભ્યાસ એક જ નજરમાં સમાઈ જાય અભ્યાસ ફળદાયી ત્યારે જ ગણાય, જ્યારે અન્ય અભ્યાસકો માટે તે માર્ગદર્શરૂપ બને, જ્યારે અભ્યાસમાં સારાંશ, તારણો અને ભાવિ સંશોધન અંગેના સૂચનો કરેલાં હોય ત્યારે તે અભ્યાસ માર્ગદર્શકરૂપ બને છે.

### ૨. સંશોધન સારાંશ

#### ૨.૧ સમસ્યા શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું સમસ્યા શીર્ષક આ મુજબ છે.

***"બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ અંગેનો અભ્યાસ"***

#### ૨.૨ સંશોધનના હેતુઓ

૧.બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ ચકાસવા પ્રશ્નાવલિની રચના કરવી.
૨.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ તેમના જનરલ પેપરના સંદર્ભમાં ચકાસવો.
૩.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ મેથડ પેપરના સંદર્ભમાં ચકાસવો.
૪.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ ફાઉન્ડેશન પેપરના સંદર્ભમાં ચકાસવો.
બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ પાઠ આયોજનના સંદર્ભમાં ચકાસવો.
૬.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં ચકાસવો.
૭.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ ચકાસવો.

#### ૨.૩ સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો આ મુજબ હતા.

૧.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ તેમના જનરલ પેપરના સંદર્ભમાં શું હશે ?
૨.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ મેથડ પેપરના સંદર્ભમાં શું હશે ?
૩.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ ફાઉન્ડેશન પેપરના સંદર્ભમાં શું હશે ?
૪.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ પાઠ આયોજનના સંદર્ભમાં શું હશે ?
બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં શું હશે ?
૬.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ શું હશે ?

**૨.૪ અભ્યાસમાં સમાવિષ્ટ ચલ :**

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ચલની માહિતી આપેલ સારણી ૧માં આપવામાં આવી છે.

**સારણી ૧ : સંશોધનમાં સમાવિષ્ટ ચલો**

| ક્રમ | ચલ | ચલના પ્રકાર |
|---|---|---|
| ૧ | બી.એડ્.નો અભ્યાસક્રમ | સ્વતંત્ર ચલ |
| ૨ | ઈન્ટરનેટની ઉપયોગિતા | પરતંત્ર ચલ |

**૨.૫ વ્યાપવિશ્વ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધનમાં મહેસાણા જિલ્લાની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજમાં વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં મહેસાણા જિલ્લાની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજમાં વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં અભ્યાસ કરતાં આશરે ૨૫૦ તાલીમાર્થીઓ યાદચ્છિક ઝૂમખા પદ્ધતિ દ્વારા નિદર્શ પસંદગી કરવામાં આવી હતી.

**૨.૬સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

**૨.૭ અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

**૨.૮ માહિતીનું એકત્રીકરણ**

સંશોધકે નિદર્શ પસંદગી અંતર્ગત પસંદ કરેલ બી.એડ્. કોલેજના આચાર્યની પૂર્વ મંજૂરી લઈ નિશ્ચિત સમય અને તારીખ અનુસાર કોલેજમાં જાતે જઈ બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની ઈન્ટરનેટના ઉપયોગ અંગેની પ્રશ્નાવલિ તાલીમાર્થીઓ પાસે ભરાવીને માહિતી એકત્રીત કરવામાં આવી હતી.

**૨.૯ માહિતીનું પૃથક્કરણ :**

સંશોધક દ્વારા એકત્રીત કરેલ માહિતીનું પૃથક્કરણ સાદી ટકાવારી મુજબ કરવામાં આવ્યું હતું. જેને જુદી જુદી સારણી રૂપે રજૂ કરી તેનું યોગ્ય અર્થઘટન કરવામાં આવ્યું હતું.

***3.અભ્યાસના તારણો***

***૧.જનરલ પેપરના સંદર્ભમાં બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ :***

- સૌથી વધુ એટલે કે ૧૯૫(૭૮%) તાલીમાર્થીઓ તત્વજ્ઞાન ચિંતકો વિશે વિસ્તૃત માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૬૫(૬૬%) તાલીમાર્થીઓ આદર્શવાદમાં ભારતીય ચિંતકોના વિચારો વિશે વિસ્તૃત માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૭૨(૬૮.૮%) તાલીમાર્થીઓ જે. કૃષ્ણમૂર્તિ વિશે વિસ્તૃત માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૮૨(૭૨.૮%) તાલીમાર્થીઓ ગિજુભાઈ બધેકાની અભ્યાસક્રમ વિશે વિસ્તૃત માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

- સૌથી વધુ એટલે કે ૧૫૭(૬૨.૮%) તાલીમાર્થીઓ ધીમી ગતિથી શીખનાર બાળકો માટે ગેઈમ, પઝલ કે તાર્કિક માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૬૭(૬૬.૮%) તાલીમાર્થીઓ રોરશેક શાહીના ડાઘાની કસોટી અંગે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરતા નથી.
- સૌથી વધુ એટલે કે ૧૩૮(૫૨%) તાલીમાર્થીઓ ચિત્ર કસોટી / થિમેટિક એપરસેપ્શન કસોટીની માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૬૪(૬૬%) તાલીમાર્થીઓ ક્રિયાત્મક કસોટી વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- તાલીમાર્થીઓ સુક્ષ્મ અધ્યાપન ૧૯૬૩ ડવાઈટ એલન વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરવા અંગે લગભગ સરખા ભાગે જુદા જુદા મંતવ્યોમાં વહેંચાયેલ છે.
- સૌથી વધુ એટલે કે ૨૦૮(૮૩.૨%) તાલીમાર્થીઓ કોમ્પ્યુટરના વિવિધ વિભાગોની માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૮૨(૭૨.૮%) તાલીમાર્થીઓ ટેલિકોન્ફરન્સિંગ સિસ્ટમની માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૫૫(૬૨%) તાલીમાર્થીઓ એડગર ડેઈલના અનુભવ શંકુ વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરતા નથી.
- સૌથી વધુ એટલે કે ૧૪૩ (૫૭.૨%) તાલીમાર્થીઓ ૧૯૮૬ શિક્ષણનીતિ વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૭૯(૭૧.૬%) તાલીમાર્થીઓ માધ્યમિક શિક્ષણની પ્રવર્તમાન સમસ્યા અંગે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૯૫(૭૧.૬%) તાલીમાર્થીઓ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતી માટેની ગુણાંકન પદ્ધતિની માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૫૫(૬૨%) તાલીમાર્થીઓ યુનિવર્સિટી અનુદાન પંચ વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

***૨.મેથડ પેપરના સંદર્ભમાં બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ :***

- સૌથી વધુ એટલે કે ૧૬૫(૬૬%) તાલીમાર્થીઓ અધ્યાપન પદ્ધતિઓ અંગે ઊંડુ જ્ઞાન મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૫૫(૬૨%) તાલીમાર્થીઓ અધ્યાપન કૌશલ્ય વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૮૫(૭૪%) તાલીમાર્થીઓ વિષય પ્રમાણે જુદા જુદા શૈક્ષણિક સાધનો અને વિડિયો કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તે વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૬૭ (૬૭.૮%) તાલીમાર્થીઓ સેમિનાર પદ્ધતિ વિશેની જાણકારી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૩૮ (૫૨%) તાલીમાર્થીઓ પરિસંવાદ પદ્ધતિ અંગે જાણકારી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરતા નથી.
- સૌથી વધુ એટલે કે ૧૩૮ (૫૨%) તાલીમાર્થીઓ જૂથ ચર્ચા અને પ્રાયોગિક પદ્ધતિ વિશેની જાણકારી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૯૦ (૭૬%) તાલીમાર્થીઓ દશ્ય-શ્રાવ્ય સાધનોની માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

- સૌથી વધુ એટલે કે ૧૫૩ (૬૧.૨%) તાલીમાર્થીઓ બ્લ્યુ પ્રિન્ટ વિશેની જાણકારી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- તાલીમાર્થીઓ સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત સમજવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવા અંગે લગભગ સરખા ભાગે જુદા જુદા મંતવ્યોમાં વહેંચાયેલ છે.
- સૌથી વધુ એટલે કે ૧૯૦ (૭૬%) તાલીમાર્થીઓ વર્તમાન સમયમાં શિક્ષકો માટે તૈયાર અધ્યયન-અધ્યાપનના પ્રોગ્રામની જાણકારી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

***૩.ફાઉન્ડેશન પેપરના સંદર્ભમાં બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ :***

- સૌથી વધુ એટલે કે ૧૬૧ (૬૪.૪%) તાલીમાર્થીઓ યોગ શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૫૪ (૬૧.૬%) તાલીમાર્થીઓ લાઈફ સ્કીલ શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- તાલીમાર્થીઓ ફાઉન્ડેશન પેપરમાં આવતી જુદી જુદી પ્રવૃત્તિઓ અંગે જાણવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવા અંગે લગભગ સરખા ભાગે જુદા જુદા મંતવ્યોમાં વહેંચાયેલ છે.
- સૌથી વધુ એટલે કે ૧૪૦ (૫૬%) તાલીમાર્થીઓ ફાઈન્ડેશન કોર્સ અંગે ઈન્ટરનેટ પરથી માહિતી લઈ તે અંગેનું જ્ઞાન બ્લોક ટીંચીંગ દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓને આપે છે.
- સૌથી વધુ એટલે કે ૧૫૬ (૬૨.૪%) તાલીમાર્થીઓ ફાઈન્ડેશન પેપરમાં અસાઈમેન્ટ બનાવવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૭૯ (૭૧.૬%) તાલીમાર્થીઓ પર્યાવરણ શિક્ષણ વિશે વિસ્તૃત

***૪.પાઠ આયોજનના સંદર્ભમાં બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો ઉપયોગ :***

- સૌથી વધુ એટલે કે ૧૫૫ (૬૨%) તાલીમાર્થીઓ પાઠ આયોજનમાં આવતા વિષયાભિમુખ કૌશલ્ય માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૯૫ (૭૮%) તાલીમાર્થીઓ ચાર્ટ બનાવવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૨૦૫ (૮૨%) તાલીમાર્થીઓ માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૨૧૪ (૮૬%) તાલીમાર્થીઓ પાઠ આયોજન વખતે ચિત્રો કે કોઈ લેખકની માહિતી મેળવવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

***૬.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા થતો મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ :***

- સૌથી વધુ એટલે કે ૧૯૩ (૭૭.૨%) તાલીમાર્થીઓ વોટસઅપનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૭૩ (૬૯.૨%) તાલીમાર્થીઓ વોટસઅપમાં પરીક્ષાને લગતી માહિતીની આપ લે કરે છે.
- સૌથી વધુ એટલે કે ૨૧૩ (૮૨%) તાલીમાર્થીઓ સહપાઠીઓને અધ્યયન કાર્યમાં મદદ કરવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- સૌથી વધુ એટલે કે ૧૯૮ (૭૯.૨%) તાલીમાર્થીઓ મોબાઈલ ઈન્ટરનેટનો ઉપોયગ કોમ્પ્યુટર ઈન્ટરનેટ કરતાં વધારે સરળતાથી કરી શકે છે.

### ***૪. ઉપસંહાર***

સંશોધકે ઈન્ટરનેટ અંગેની ઉપયોગિતામાં મહેસાણા જિલ્લાની બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરી પરિણામ જાણવા પ્રયાસ કર્યો હતો. તેમના દ્વારા ઈન્ટરનેટનો ઉપયોગ અંગેની પ્રશ્નાવલિમાં પ્રાપ્ત થયેલાં તારણો તાલીમાર્થીઓના ઈન્ટરનેટ પ્રત્યેના હકારાત્મક અભિગમો દર્શાવતા હતા. સંશોધક દ્વારા તારણ, ભાવિ સંશોધન અંગેના

સૂચનો કરવામાં આવ્યા છે. જે સૂચનો સંશોધનોના પથદર્શક બની રહેશે. તેમજ સંશોધક તથા પ્રવર્તમાન તાલીમાર્થીઓ દ્વારા ઈન્ટરનેટની ઉપયોગિતા અંગે જાણવા આ સંશોધન ઉપયોગી બની રહેશે.

***સંદર્ભ સૂચિ***

૧. ઉચાટ, ડી.એ (૨૦૦૪) માહિતી પર સંશોધન વ્યવહારો .(પ્રથમ આવૃત્તિ), રાજકોટ : વાસુકિ પ્રિન્ટીંગ પ્રેસ, ભગવતસિંહજી (૨૦૦૨) ભગવદગોમંડલ (ભાગ-૧), રાજકોટ : પ્રવિણ પ્રકાશન પટેલ, આર.એસ. (૨૦૦૮) એમ.એડ્. લઘુશોધ નિબંધનો સારાંશ. ( શિક્ષણ શાસ્ત્ર ભવન ૧૯૯૩ થી ૨૦૦૩), અમદાવાદ : જય પબ્લિકેશન.

૨. ઉચાટ, ડી.એ અને અન્ય. (સં.) (૨૦૦૪). શૈક્ષણિક સંશોધનોનો સારાંશ. (પ્રથમ આવૃત્તિ- ૧૯૮૮ થી ૧૯૯૨), શિક્ષણશાસ્ત્ર- ભવન રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૩. શાહ, ડી.બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.